અપીલ અરજી નં.૧૬૩ તા.૮–૫–૦૯/૧૦

અરજદારઃ– શ્રી વિજય રમેશચંદ્ર કાયસ્થ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતીઅધિકારી (સેન્ટ્રલઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિજય રમેશચંદ્ર કાયસ્થની તા.૨૫–૨–૦૯ ની અરજીથી વોર્ડ નં.૩ નોંધ નં.૨૦૨ વાળી મિલ્કતમાં રીપેરીંગની પરવાનગી હેઠળ બે માળનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવે છે? રીપેરીંગ કામગીરી માટે મજબૂતાઈનું રીપેરીંગ કરવાનું હોય છે તેની સાથે જર્જરીત મકાનના મિલ્કતના ફોટા સાદર કરવાના હોય છે? જે લેવામાં આવેલ છે ખરા? જો ૨ માળો ગેરકાયદેસર હોય તો શું પગલા લેવામાં આવેલ છે? અને કેટલો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે? અને ગેરકાયદેસર બાંધકામ દુર કરવા બાંહેધરી પત્રક લેવામાં આવેલ છે ખરું? તે કેટલા સમયમાં દુર કરવામાં આવશે? જો હયાત બાંધકામ હોય તો કયા પ્રકારની કામગીરીથી દુર કરવામાં આવશે? રીપેરીંગ હેઠળ ૨ માળનું બાંધકામ કાયદેસર કહી શકાય ખરું? તેની માહિતી તથા નોટીસો,લેખિત બાંહેધરી પત્રક અંગે કાર્યવાહી થઈ હોય

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૮–૫–૦૯ ની અપીલ અરજી નં.૧૬૩/૦૯–૧૦

શ્રી વિજય રમેશચંદ્ર કાયસ્થની તા.૨૫–૨–૦૯ ની અરજીથી વોર્ડ નં.૩ નોંધ નં.૨૦૨ વાળી મિલ્કતમાં રીપેરીંગની પરવાનગી હેઠળ બે માળનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવે છે? રીપેરીંગ કામગીરી માટે મજબૂતાઈનું રીપેરીંગ કરવાનું હોય છે તેની સાથે જર્જરીત મકાનના મિલ્કતના ફોટા સાદર કરવાના હોય છે? જે લેવામાં આવેલ છે ખરા? જો ૨ માળો ગેરકાયદેસર હોય તો શું પગલા લેવામાં આવેલ છે? અને કેટલો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે? અને ગેરકાયદેસર બાંધકામ દુર કરવા બાંહેધરી પત્રક લેવામાં આવેલ છે ખરું? તે કેટલા સમયમાં દુર કરવામાં આવશે? જો હયાત બાંધકામ હોય તો કયા પ્રકારની કામગીરીથી દુર કરવામાં આવશે? રીપેરીંગ હેઠળ ૨ માળનું બાંધકામ કાયદેસર કહી શકાય ખરું? તેની માહિતી તથા નોટીસો,લેખિત બાંહેધરી પત્રક અંગે કાર્યવાહી થઈ હોય તો તેના જવાબો વિગેરે માહિતી આપવા બાબતે મુદ્દાસર જવાબ પાઠવવામાં આવેલ નથી તથા બાંહેધરી અંગે શું કાર્યવાહી કરી તે જણાવેલ નથી તથા ચેક નંબર પણ એક જ છે તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૫–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે. રાજય માહિતી આયોગની અપીલો કોમ્પ્યુટર રાઈઝેશન ઓફ આરટીઆઈ અરજી સાથે નિકાલની કામગીરી તાલીમ અને સમીક્ષા તથા ચૂંટણીની કામગીરી પશ્ચાત એક સાથે આવલી અરજીઓના કારણે કામના ભારણ તથા સમય મર્યાદામાંની કામગીરીને ધ્યાને લેતાં સદર અરજી શરતચૂકથી રહી જવા પામેલ છે જે અંગેની કાર્યવાહી વિલંબથી હાથ ધરાયેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૦૬ તા.૫–૯–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતીઅધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૭૫૮ તા.૮–૯–૦૯ થી અત્રેના વિભાગને મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતીના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૬૨૪ તા.૨૩–૩–૦૯ ના પત્રની નકલ, નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૨ તા.૯–૪–૦૯ ના પત્રથી પૂરી પાડેલ માહિતીના પત્રની નકલ, સે.ઝોન/એન્જી./આંન.૩૬૮૬ તા.૧૧–૧૨–૦૮ ની મનાઈ હુકમની નકલ, નોટીસ નં. સે.ઝોન/એન્જી./આંન.૩૬૮૫ તા.૧૧–૧૨–૦૮ ની ૨૬૦–૧–અ મુજબ કારણદર્શક નોટીસ આપ્યાની નકલ, મનાઈ હુકમના જવાબની નકલ, સે.ઝોન/એન્જી./આંન.૩૮૮૭ તા.૩૦–૧૨–૦૮ ની ૩૮૭ મુજબની નોટીસની નકલ, જેના અનુસંધાને આપેલ બાંહેધરી પત્રકના જવાબની નકલ, તા.૩૦–૧૨–૦૮ ના રોજ ભરેલ ડીમોલેશનના રૂા.૭૫૦૦/– રસીદ નં.૩૧૨૧૫૭ ની નકલ પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની આઈ ડી. નં.૧૩૬૧ તા.૨૫–૨–૦૯ ની અરજીથી વોર્ડ નં.૩ નોંધ નં.૨૦૨ વાળી મિલ્કતમાં ઉપરોકત નિર્દિષ્ટ માંગવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતની રીપેરીંગની પરવાનગી હેઠળ બે માળનું વધારાનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ છે? રીપેરીંગની પરવાનગી હેઠળ માત્ર મકાનની મજબૂતાઈ અંગે રીપેરીંગ કામ કરવાનું હોય છે અને આવી કામગીરી શરૂ કરતાં પહેલા જુની જર્જરીત મિલ્કતના ફોટા પણ રીપેરીંગ પરવાનગી સાથે સાદર કરવાના હોય છે? અને જે લેવામાં આવ્યા છે ખરા? જે અંગે સદર મિલ્કતમાં અત્રેથી રીપેરીંગની પરવાનગી આપવામાં આવેલ નથી. સદર મિલ્કતમાં રીપેરીંગના બહાના હેઠળ વધારાના બે માળો ગેરકાયદેસર રીતે ઠોકી બેસાડેલ છે?તો તે કાયદેસર કહી શકાય ખરા? તે અંગે શું પગલા લેવામાં આવેલા ?અને કેટલો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે? ગેરકાયદેસર બાંધકામ કેટલા સમયમાં દુર કરવામાં આવશે? અને જો હયાત બાંધકામ ઉભું હોય તો કયા પ્રકારની કામગીરી ધ્વારા દુર કરવામાં આવશે? જે અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૨૩–૩–૦૬ ના પ્રત્યુત્તર સદર મિલ્કતમાં પરવાનગી વગરના બાંધકામ સંદર્ભમાં બીપીએમસી એકટ૧૯૪૯ આધિન લાગુ નિયમોનુસાર કાર્યવાહી કરેલ હોવાનું જણાયેલ છે.સદર મિલ્કતમાં સબંધિત કામગીરી દરમ્યાન રૂા.૭૫૦૦/– વહીવટી ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ છે તેમજ જરૂરી "બાંહેધરી પત્રક" રજૂ થયેલ હોવાનું જણાવેલ છે. સદર મિલ્કતમાં બાંધકામના પ્લાનો મંજુર અર્થે અત્ર રજૂ થયેલ હોય સબંધિત કાર્યવાહી પ્રોસેસ હેઠળ છે. આ અંગે નોટીસો, લેખિત બાંહેધરી પત્રક કે આ અંગે કોઈ કાર્યવાહી હોય કે કોઈ જવાબો હોય તો તેની નકલો વાંચી શકાય તેવી પૂરી પાડવી.

જે અંગે માંગ્યા મુજબની નકલ માટે કુલ ૬ પાના પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૧૨/– ભરપાઈ કર્યેથી માંગણી મુજબની નકલો પૂરી પાડવામાં આવશે તેવું જણાવેલ. જે સી.ઝેડ/આરટીઆઈ/આઉટ/૪૨ તા.૯–૪–૦૯ થી અરજદારને પૂરી પડાયેલ જણાય છે. જે અરજદારે અપીલ સાથે રજૂ પણ કરેલ છે. ત્યાર બાદ અરજદારે તા.૮–૫–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દાસર જવાબ પાઠવવામાં આવેલ નથી ડીસે.૨૦૦૮ માં આપવામાં આવેલ કારણદર્શક નોટીસ તેમજ કલમ–૩૮૭ મુજબની નોટીસ અન્વયે મિલ્કતદાર ધ્વારા રજૂ કરવામાં આવેલ બાંહેધરી પત્રક દિન–૧૫ માં ગેરકાયદેસર બાંધકામ દુર કરશે અને તે પેટે રૂા.એક લાખ નો ચેક અને બાંહેધરી લાગત વિભાગને લેખિતમાં આપેલ છે. આ મિલ્કતના માલિક ધ્વારા હયાત જુની મિલ્કત સંપૂર્ણ તોડીને ગ્રાઉન્ડ પ્લસ ૨ માળનું બાંધકામ કરેલ છે અને એ બાંધકામ આજે હયાત છે અને અવિરતપણે ચાલુ રાખેલ છે. તથા નોટીસની તારીખો અગાઉ દર્શાવવામાં આવેલ છે. તેમજ મિલ્કત માલિકના નામે પણ આવી નોટીસો ઈસ્યુ કરવામાં આવેલ નથી? તે શું દર્શાવે છે? તથા જાહેર માહિતી અધિકારીએ તા.૯–૪–૦૯ ના જવાબમાં બાંહેધરી પત્ર અન્વયે શું કાર્યવાહી કરી તે જણાવેલ નથી જો કાર્યવાહી કરવામાં આવેલ ન હોય તો સુરત મહાનગરપાલિકા વિરુધ્ધનું કૃત્ય આચરેલ છે. વધુમાં બાંહેધરી પત્રકમાં વોર્ડ ૩/૨૦૨/અ નો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તે શું દર્શાવી રહયું છે? તેવી રજૂઆત કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. આ કાયદાના આમુખ ધ્વારા પણ માહિતી પૂરી પાડવા વ્યવહાર અને વ્યવસ્થાપન તંત્રની રચના કરવાનું અને જાહેર સત્તા મંડળના નિયંત્રણ હેઠળની માહિતી પારદર્શિતા અને જવાબદારી ઉત્તેજન આપવાના હેતુથી ઉપલબ્ધ કરવાનો ઉદેશ ચરિતાર્થ થયેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ ડી. નં.૧૩૬૧ તા.૨૫–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી બાંહેધરી પત્રક અંગે કરેલ કાર્યવાહીની વિગતો પૂરી પડાયેલ ન હોય અરજદારને લાગત ફાઈલનું ઈન્સ્પેકશન પુરું પાડી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેથી જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સ ેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

માહિતી સિવાય અરજદાર તકરાર નિવારણ/ફરીયાદલક્ષી કાર્યવાહી બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯ – ૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, (સેન્ટ્રલઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિજય રમેશચંદ્ર કાયસ્થ